# શહેરમાં ચેઈન સ્નેચર ગેંગ અને કારના કાચ ફોડતી ગેંગ બાદ
# હવે, શટરતોડ ગેંગનો આતંક

## ગાંધીનગરમાં હવે શટરતોડ ગેંગનો પણ પગ પેસારો...! : પોલીસની નિષ્ક્રિયતા વચ્ચે ન્યુ ગાંધીનગર કુડાસણના કોમ્પલેક્ષોને નિશાન બનાવીને ચાર-ચાર દુકાનોના તાળા તોડી ગેંગ ફરાર : મોબાઈલો અને રોકડા જે હાથે લાગ્યુ ઉપાડી ગયા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરમાં કેટ-કેટલી ગેંગ સક્રીય થઈ ગઈ છે તેમ છતાં હજુ પોલીસ નિષ્ક્રિય છે. ચેઈન સ્નેચર્સ ગેંગના તરખાટ બાદ કારના કાચ તોડીને કિંમતી ચિજવસ્તુઓની ઉઠાંતરી કરી જતી ગેંગની સોટાવાળી હજુ યથાવત છે ત્યારે ગઈ રાત્રે વધુ એક ગેંગે ન્યુ ગાંધીનગરમાં રાત્રી દરમ્યાન સપાટો બોલાવ્યો છે. કુડાસણ ખાતેના કોમર્શીયલ કોમ્પ્લેક્ષોને નિશાન બનાવીને આ ગેંગે ચાર દુકાનોના શટર નીચે જેક લગાવીને શટર તોડી નાંખી જે હાથે આવ્યું તે ઉપાડીને ચોરી ગયા છે. ચાર-ચાર દુકાનોના શટરો તુટવા છતા પોલીસના કાને અવાજ ન પહોંચે તે પણ આશ્ચર્યજનક બાબત છે. કોઈ મોટી માલ-મત્તા ચોરાઈ ન હોવાથી વેપારીઓએ આ અંગે ફરીયાદ આપવાનું ટાળ્યું છે. જો કે સક્રીય થયેલી તમામ ગેંગોને પગલે રીતસરનો ભય ફેલાવા લાગ્યો છે.





ન્યુ ગાંધીનગરના કુડાસણ ખાતે ગત રાત્રી દરમ્યાન ત્રાટકેલી શટરતોડ ગેંગે ચાર દુકાનોના શટર તોડ્યા હતા. સહજાનંદ કોમ્પ્લેક્ષની દુકાન નં. ૨, શ્રી દેવદયા કિરાણા સ્ટોર્સનું શટર જેક લગાવીને તોડી નાંખવામાં આવ્યું હતું. દુકાન માલીક બંસીભાઈ ગુર્જરના કહ્યા પ્રમાણે દુકાનમાંથી પંદરસો રૂપિયા રોકડાની ઉઠાંતરી થવા પામી છે. બીજી કોઈ કિંમતી ચિજવસ્તુ દુકાનમાંથી ગઈ નથી. આ દુકાનની પાસે જ દુકાન નં. ૫માં સ્થિત વ્હાઈટહાઉસ ઓનેસ્ટ ટ્રેડીંગ કંપની નામની દુકાનનું શટર તોડીને તેમાંથી પણ કેશ ડ્રોઅર ખોલીને એકાદ હજાર રોકડા રૂપિયા ઉપાડી ગયા હતા. બન્ને દુકાનમાંથી કોઈ મોટી માલમત્તા ન મળતા આ ગેંગે ત્રીજી દુકાનને નિશાન બનાવી. દુકાન નં. ૧૦, રાજ મોબાઈલ એન્ડ ગીફ્ટ આર્ટીકલનું શટર તે જ મોડ્સ ઓપરેન્ડીથી તોડવાનો પ્રયત્ન કર્યો. પરંતુ શટર ન તુટતા આ દુકાનમાંથી કાંઈ ઉપાડી શક્યા ન હતા. દુકાન માલીક રાજેન્દ્રસિંહ ખાંટે પણ ઉપરોક્ત એ વેપારીઓની માફક પોલીસ ફરીયાદ આપવાનું ટાળ્યું હતું.





ત્રણ-ત્રણ દુકાનોના શટર તોડવાની મહેનત બાદ પણ કોઈ મોટો માલ ન મળતા બીજા કોમ્પલેક્ષને ટાર્ગેટ બનાવ્યું હતું. કૃષ્ણકુંજ કોમ્પલેક્ષના દુકાન નં. ૩૨ કુલદીપસિંહ સુરેન્દ્રસિંહ વાઘેલાની છે. તિર્થરાજ મોબાઈલ શોપ નામની આ દુકાનના શટર નીચે જેક મારીને શટર તોડી તેમાંથી પાંચ ચાઈના મોબાઈલ અને મોબાઈલની થોડી એસેસરીઝ ઉપાડી ગેંગ રફુચક્કર થઈ ગઈ હતી. આ શટર તોડ ગેંગે રાત્રે રીતસરનો તરખાટ મચાવી દીધો છે. જો કે દુકાનોમાંથી કોઈ મોટી માલમત્તા ન ચોરાતા તેમણે પોલીસ ફરીયાદ આપવાનું ટાળ્યું હતુ. એકાદ વર્ષ અગાઉ પણ શટર તોડ ગેંગે ગાંધીનગર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારને ઘમરોળી નાંખ્યું હતું. આ ગેંગ પુનઃ સક્રીય થતા નગરજનોમાં ફફડાટ મચી જવા પામ્યો છે.



## માનવીઓને પર્વાધિરાજ પર્યુષણની અણમોલ બક્ષિસ : 'ક્ષમાપના'

હથોડાને ય શરમાવી નાખે એવો હાથ પરમાત્માના વંદન માટે જોડવાને બદલે પેટ્રોલ છાંટેલા સળગતા કાકડા પકડતો થઈ જાય છે. ત્યારે ટુંટિયુ વાળીને પડેલી માનવતાના આંગળા દાઝ્યા વગર નથી રહેતા ! આંગળાનાં ટેરવા ટોળા સામે તોપના નાળચા ગોઠવતાં થઈ જાય છે. ત્યારે સાત્વિકતાની દેવીની આંખમાંથી અશ્રુ ખરવા લાગે છે ! હાથનો પંજો જ્યારે કોકના પેટમાં ખંજર હુલાવતો થઈ જાય છે. ત્યારે 'વિશ્વ શાંતિ'ના મુમાંથી કાળજા ફાડ ચીસ નીકળી પડે છે. વેરનાં વાવેતર, કોઈનું ગળુ ઘોટી દેવા જેવી તેજાબી દુશ્મની અને માણસાઈની આંખો ફોડી નાખે એવું અરિત્વ ! માનવીને મળેલી મહામૂલી જિંદગીના એંસી કે સો વરસોનો અર્ક શું આ છે ? બચવું છે એનાથી પણ બચાવશે કોણ ? છે કોઈ આ મહા યંત્રણાથી ભર્યા ભર્યા રોગની અક્સીર ઉપચાર ? હા, છે ! એનોય ઉપચાર છે ! અને એ ય એવો દિવ્ય ઉપચાર છે કે એનું સેવન કરનારો ક્યારે વેરનો 'વ' અને ઝેરનો 'ઝ' ન ઉચ્ચારે ! હા, બચાવનાર છે આ જગતમાં બચાવનાર છે પર્વાધિરાજ પર્યુષણનો સાંવત્સરિક ક્ષમાપનનો દિવય દિવસ ! અને રોગ મિટાવન ઔષધ ગોટલીનું નામ છે : 'ક્ષમા' છે તો બે જ અક્ષરોનો નાનકડો શબ્દ, પણ એમાં કેન્સર તો શું, કેન્સરનાય બાપ જેવા રોગ 'દુશ્મની'ને નેત્સનાબૂદ કરવાનું સારવાર સામર્થ્યુ છે !

**પર્યુષણ પર્વ**
**સાતમો દિવસ**



શાંતિનો ચાહક મનુષ્ય, અંતરમાં આગ ભરી બેસે છે ત્યારે પાગલતા એને પશુ બનાવી દે છે ! ચામડા અને ચહેરા ઉપરથી 'માણસ' તરીકે ઓળખાતો માનવી કાળજામાં ઘુસી ગયેલી આગને કારણે જાનવરને ય સાઈડ બાય કરી દે છે ! અને પછી વેરની વસૂલાત માટે એના શિંગડા પર શેતાન સવારી કરી દે છે. પણ અટકીજાવ ક્ષત્રુભાવના શેતાને તમને ભટકાવી દીધા હોય તો અટકો, અને થોભ્મો ! માણસના હાડકાના પોલાણમાં તો પ્રેમદારથ ઠાંસી ઠાંસીને ભર્યો છે ! પ્રેમ તો માણસની સાચી આઈડેન્ટીટી છે ! પણ વેરની પ્રવલતાને કારણે માણસ એની ઓળખ ગુમાવી દે છે ! આગની સળગતી સગડી છાતીએ લટકાવીને કરનાર માણસની પાગલતા ખૂંખાર હિંસક જાનવરની સ્પર્ધા કરવા લાગે છે વેર આગ છે, માનવીને અણમોલ વ્યક્તિત્વને ભસ્મીભૂત કરનારી આગને એ આગને ઠારે છે સાવસ્તરિક ક્ષમાપન જિનશાનનો આ જ તો મહામંત્ર છે.

ક્ષમા માગે, ક્ષમા આપો, ક્ષમત્વ રાખો, સંસારને કંસારની જેમ ટેંસડાથી માણતા ભોગવાદી ભોજન ભક્તોને આ વાત કદાચ નહિ સમજાય ! દુશ્મનીના દહિવડાને છરી કાંટે ચઢાવીને ટેસ્ટને જ શ્રેષ્ઠ માની બેઠેલા માણસો કે મોહ ચટણીના શોખીનોના ગળે પણ આ વાત નહિ ઉતરે ! વેર વાચક વિચારોનો વેપલો કરીને કાળજાનો ત્રાજવાના બાટની જેમ ઉપયોગ કરનાર અને અરિત્વના થેપલાને અકરાંતિયાની જેમ ઉદારધીન બનાવનારા જો એક વાર આ ક્ષમના અકસીરપણાને ઓળખી લેતો એમના દિલમાં દુશ્મનીની આગ નહિ. મેત્રીની દિપકો પેટાઈ જાય ! જિનશાસનની તત્વ તિજોરીમાં જે અણમોલ રત્નો પડ્યા છે એમાંનું એક અને અજોડ રત્ન છે : ક્ષમાપના ! કોઈની સાથે મન દુઃખ થયું છે. તો દોડવીરની જેમ દોટ લગાવો એના હાથમાં હાથ મિલાવો એને ભાવથી ભેટો અને કહો : 'મને ક્ષમા આપો મિત્ર ! મિચ્છાની દુક્કડં ! દરગુજર કરી દો મારા દુષ્કૃત્યોને !

પ.પૂ. પન્યાસશ્રી પ્રશાંતકિર્તિસાગર મહારાજ સાહેબ તેમજ ભવ્ય કિર્તિસાગર મહારાજ સાહેબની અમૃત વાણી

## સી.ડી. પટેલ શાળાના રમતવીરો જિલ્લા કક્ષાએ કબડ્ડીમાં ઝળખ્યા

સાબરકાંઠા જિલ્લા રમત-ગમત અધિકારી હિંમતનગર દ્વારા શાળાકીય ભાઈઓ તથા બહેનોની કબડ્ડી સ્પર્ધાનું આયોજન સી.ડી. પટેલ હાઈસ્કૂલ તલોદ મુકામે કરવામાં આવ્યું હતું. જેમાં ચોથા વર્ષે સતત યજમાન ટીમ ભાઈઓની કબડ્ડીમાં વિજેતા બની હતી અને રાજ્યકક્ષાએ ભાગ લેવા ટુંક સમયમાં રાજકોટ જશે. કબડ્ડી ટીમના સમગ્ર ખેલાડીઓને વ્યાયામ શિક્ષક એન. ડી. સડાતે તૈયાર કર્યા હતા. શાળાના આચાર્ય એન.એસ. પટેલ, મંડળના પ્રમુખ, મંત્રીશ્રી તથા શાળા પરિવારે ખેલાડી તથા વ્યાયામ શિક્ષકને અભિનંદન આપ્યા હતા.

## શબ્દાવલી - ૫૧૭૦

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | ■ | ૫ | |
| ૬ | | | ■ | ૭ | ૮ | | ■ |
| ૯ | | ■ | ૧૦ | | | | ૧૧ |
| | ■ | ૧૨ | | ■ | | ■ | |
| ૧૩ | ૧૪ | | ■ | ૧૫ | | ■ | |
| ■ | ૧૬ | | ૧૭ | ■ | ■ | ૧૮ | |
| ■ | ૧૯ | | | ■ | ૨૦ | | ■ |
| ■ | ૨૧ | | ■ | ૨૨ | | | |

### આડી ચાવી

૧. સાવધાન, હોંશિયાર (૫)
૫. શાળામાં પડે એટલે બાળકોને મજા પડે (૨)
૬. જંગલ, વન (૨)
૭. જંગલ, વન (૨)
૯. ભય, બીક (૨)
૧૦. સસરાના કુટુંબના માણસો (૫)
૧૨. લાગવગ, ઓળખાણ (૨)
૧૩. જીભ, જીહ્વા (૩)
૧૫. ...વાગ્યો ને લશ્કર ઉપડ્યું (૨)
૧૬. લાંબી ડોકવાળુ એક ચોપગુ પ્રાણી (૩)
૧૮. ગાયન, ગીત (૨)
૧૯. એક ખાસ પ્રકારનું કાપડ (૩)
૨૦. કયાસ (૨)
૨૧. ક્રિકેટમાં સ્કોર પુછવા કેટલા.... થયા પુછાય (૨)
૨૨. ઠોઠ નિશાળીયોને... ઝાઝા (૪)

### ઊભી ચાવી

૧. જર્જરીત, જરીપુરાણુ (૫)
૨. સીટી, ... માં ખરીદી શકાય (૩)
૩. 'નોર' શબ્દ ઊંધો (૨)
૪. ખરાબ અંજામ, બુરૂ પરિણામ (૩)
૫. વિમાનની દોડપટ્ટી (૩)
૮. બહાદુર માણસ (૪)
૧૦. એક પ્રકારનું લાકડું (૨)
૧૧. તલ્લીન, પ્રેમમાં મગ્ન (૪)
૧૨. વૃંદાવન (૫)
૧૪. જાદુગર, એક હિન્દી ફિલ્મ (૪)
૧૭. મજા, આનંદ (૨)
૧૮. દેગડી, ઘડો (૩)
૨૦. પિતા, જનક (૨)

### શબ્દાવલી ૫૧૬૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) ગફલત (૪) દામન (૬) પરેડ (૭) દરાખ (૮) સબક (૯) મચ્છી (૧૦) બાતલ (૧૩) બારીક (૧૪) શમશેર (૧૫) વામન (૧૮) લામા (૧૯) દીદાર (૨૦) ખાણ (૨૧) નટ (૨૨) રમ

**ઊભી ચાવી :-** (૧) ગપસપ (૨) ફરેબ (૩) લડકણું (૪) દારા (૫) મખમલ (૭) દરબારી (૧૧) તકવાદી (૧૨) રમમાણ (૧૩) બારદાન (૧૪) શલાખા (૧૬) મદાર (૧૭) નરમ

## ગજાનન સેવા સમિતિ દ્વારા ૧૧ જગ્યાએ ગણપતિ સ્થાપન થશે

ગાંધીનગર, તા. ૭

શામળાજીના વનવાસી વિસ્તારમાં આશ્રમ શાળા, છાત્રાલયો ૧૧ સ્થાન ઉપર શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શ્રીગણેશજીની મૂર્તિઓ આપવામાં આવી હતી. આ મૂર્તિઓ સ્થાપના પછી કાયમ રહેશે.

સુનોક તથા નાવડા સબ સેન્ટરમાં મમતા કાર્ડ ધરાવતી ૫૫ સગર્ભાઓને ડૉ. સુવિણાબેન ચિતાણી પાસે તપાસીને દવાઓ આપી હતી. પ્રત્યેકને મગ, ગોળ અને ખજૂરના પેકેટનું વિતરણ કરાયું હતું. સળંગ બે મહિના મોનીટરીંગ કરવામાં આવશે.

અસાલ, વામંધ્યોલ આશ્રમ શાળામાં બાળકોને પેન્ટ આપવામાં આવ્યા હતા. ભટાલી આશ્રમ શાળામાં નાસ્તો આપ્યો હતો. કન્યા વિદ્યાલયમાં વિવિધ પુસ્તકો આપ્યા હતા. ડૉ. ચિતાણીપ, કિશોરભાઈ જીકાદરા, ગામેતી દિનેશભાઈ તથા નિલેન્દ્રભાઈ સાથે રહ્યા હતા.

## મતદાર જાગૃતિ માટે કેમ્પસ એમ્બેસેડર નિમાશે

ગાંધીનગર, તા.૭

કેન્દ્રીય ચૂંટણી પંચ હવે મતદાર જાગૃતિ માટે કેમ્પસ એમ્બેસેડર નિમશે. આ અંગેની પ્રક્રિયા ઝડપથી હાથ ધરવામાં આવશે તેવા નિર્દેશો આજે રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતી અનિતા કરવાલે આપ્યા હતા.

ગાંધીનગર ટાઉનહોલ ખાતે યુવા મતદાર મહોત્સવની ઉજવણી અંતર્ગત યોજાયેલા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી દરમિયાન તેમણે આ નિર્દેશ આપ્યો હતો. શ્રીમતિ કરવાલે જણાવ્યું હતું કે કેમ્પસ એમ્બેસેડરની પસંદગી થયા બાદ તેને પંચ દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવશે. નાનકડી રકમનું ચુકવણું કરવાની વાત હાલ વિચારાધીન હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

આ પ્રશ્નોત્તરીના કાર્યક્રમમાં જ તેમણે જણાવ્યું હતું કે તા. ૮મીથી રાજયના તમામ ઈ-ગ્રામ સેન્ટરોમાં મતદાર સહાયતા કેન્દ્ર શરુ કરવામાં આવનાર છે. જેમાં મતદારને તેના નામ નોંધાવવા માટે હવે જિલ્લા કે તાલુકા મથકે જવાનું રહેશે નહિ.

તેમણે એક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું કે નેગેટીવ વોટીંગ માટે હાલ ઈ.વી.એમમાં કોઈ જોગવાઈ નથી. આ માટે કાયદો સુધારવો પડે. જો કે તમે મત આપવા ના માગતા હો તો ૪૯ (o)નો ઉપયોગ કરી તેની લેખિત જાણ પ્રિસાઈડીંગ ઓફિસરને કરો.

શ્રીમતિ કરવાલ ને આજે વિદ્યાર્થીઓએ ખર્ચ મર્યાદા, ચૂંટણી પંચના નિરીક્ષકોની નિમણુંક, મતગણતરી દરમિયાન મતદારોની સામેલગીરી હોવી જોઈએ તેવા પ્રશ્નો પણ પુછયા હતા. આ ઉપરાંત નવા નામ દાખલ કરવાને લઈ તેમજ ક્રિટીકલ મતદાન મથકો નિયત કરવા અંગેના માપદંડને લગતા સવાલો પણ પુછયા હતા.

છેલ્લા દિવસોમાં મતદારોની ખરીદી થતી હોવાની વાતને લઈ એક વિદ્યાર્થીએ પુછેલા પ્રશ્નના ઉત્તરમાં શ્રીમતિ કરવાલે જણાવ્યું હતું કે આવી વાતોમાં લોકોની જાગૃતિ મહત્વની છે પંચે આર્થિક નિયંત્રણો લાદયા છે એટલું જ નહિ ઉમેદવારના ખર્ચની ચકાસણી પણ કરવામાં આવે છે.

તેમણે જણાવ્યું હતું કે મતદારોની જાગૃતિ માટે રાજય વ્યાપી અભિયાન છેડાયું છે. મતદાર યાદી ક્ષતિ રહિત બને તે માટે પંચ સતત પ્રયત્નશીલ છે એટલે જ આ મતદાર સુધારણા અભિયાન યોજવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું હતું કે યુવા મતદારો વધુ જોડાય અને તેમનો લોકશાહીનો મહત્વનો અધિકાર મતાધિકાર મેળવે તે માટે જ કેમ્પસ એમ્બેસેડરની નિયુકતીની દિશામાં પંચ આગળ વધી રહ્યું છે.

આ કાર્યક્રમમાં જિલ્લા કલેકટર શ્રી પી. સ્વરૂપે પાવર પોંઈટ પ્રેઝન્ટેશન કરી અને પંચ દ્વારા હાથ ધરવામાં આવેલ મતદાર યાદી સુધારણા સહિતની બાબતોની સમજ આપી હતી.

આ સમારોહમાં સંયુકત ચૂંટણી અધિકારી શ્રી અશોક માણેક શ્રી સેવક, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ભટ્ટ, અધિક નિવાસી કલેકટર શ્રી ડૉ. મોડિયા, પ્રાંત અધિકારી શ્રી પ્રકાશ મકવાણા સહિતના જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહમાં એક ખાસ મતદાન મથક પણ ઉભું કરવામાં આવ્યું હતું. જેમાં મતદાન કેવી રીતે કરી શકાય તેની વિદ્યાર્થીઓને સમજ આપવામાં આવી હતી.

## અવર-જવર પ્રતિબંધ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને રહેણાંક વિસ્તાર હોવાથી ટ્રાફીક ભારણ વધુ ન થાય તે માટે આ માર્ગો પર ભારે માલવાહક વાહનો સવારે ૭ થી રાત્રે ૯ વાગ્યા સુધી પ્રતિબંધિત કરવા હૂકમ કરવામાં આવ્યો છે.

મહાત્મા મંદિરના સર્વિસ રોડના બદલે રેલવે સ્ટેશનથી સીધા સે. ૧૩માં જવાના આંતરીક માર્ગ ઉપર જઈ શકાશે. સાબરકાંઠા, રાજસ્થાન-દહેગામ, ચિલોડા તરફથી આવતા ભારે વાહનો તથા મધ્યમ વાહનોને ચિલોડા સર્કલથી પાલજ, બાસણ, શાહપુર ચોકડી, સરગાસણ, ખ-૦ થઈ જઈ શકાશે. અથવા ચિલોડાથી રણાસણ-નરોડા તરફ વાળીને રીંગરોડ થઈ વૈષ્ણોદેવી તરફ જઈ સકાશે. તે જ રીતે સરખેજ તરફથી આવતા ભારે વાહનો સરખેજ, અડાલજ, સરગાસણ, ખ-૦ થઈ શાહપુર ચોકડી થઈ બાસણ, પાલજ થઈને ચિલોડા તરફ અથવા વૈષ્ણોદેવી સર્કલથી રીંગરોડ થઈ રસાણસ સર્કલથી હિંમતનગર હાઈવે તરફ જઈ શકાશે. ગાંધીનગરના સ્થાનિક ભારે તથા મધ્યમ માલ વાહક વાહનો જાહેરનામા અન્વયે ફક્ત રાત્રીના ૯ થી સવારના ૭ સુધી 'ઘ' અને 'ચ' માર્ગ મારફતે શહેરમાં પ્રવેશી શકશે.

પેથાપુર તથા વિજાપુર માણસા તરફથી આવતા મધ્યમ માલવાહક વાહનોને પ્રેસ સર્કલથી આદીવાડા, ક-૭, ક-૬ થઈ વાવોલ થઈ પુન્દ્રાસણ ચોકડી થઈને ઉવારસદ થઈ જઈ શકાશે. સરખેજ, અડાલજ હાઈવે પરથી આવતા વાહનો કે જેઓ મહેસાણા, માણસા તરફ જવા માંગતા હોય તેમણે ઉવારસદ ચોકડીથી 'ક' રોડ ઉપર થઈ ક-૭ થઈ પસાર થવાનું રહેશે. ચિલોડા તરફથી માણસા, મહેસાણા તરફ અને માણસા, મહેસાણાથી ચિલોડા તરફ જતા-આવતા વાહનો સે. ૩૦ સર્કલ થઈ માર્ગ નં. ૭ થઈને પસાર થઈ શકશે તેનું જિલ્લા કલેક્ટરે જાહેરનામુ પ્રસિદ્ધ કર્યુ છે.

## ટેટ-૨ના પ્રશ્નપત્રમાં ભૂલોની ભરમાર : પરીક્ષા બોર્ડને રજૂઆત

### ૧૩ થી વધુ પ્રશ્નોમાં ભૂલ : કમિટીના નિર્ણય મુજબ ગુણ સુધારણા કરાશે !

ગાંધીનગર, તા.૭

સપ્ટેમ્બરના પ્રારંભે લેવાયેલી ટેટ-૨ની પરીક્ષામાં પૂછાયેલા પ્રશ્નોમાં પ્રિન્ટીંગ સહીત દર્શાવાયેલા ઓપ્શનમાં ભૂલો હોવાના આક્રોશ સાથે આજે ઉમેદવારોએ રાજય પરીક્ષા બોર્ડના સચિવને રજૂઆત કરી હતી. જયારે આ મામલે કમિટી કક્ષાએથી નિર્ણય લેવાયા બાદ ગુણ સુધારણા કરવામાં આવશે તેમ પણ બોર્ડ દ્વારા જણાવાયું છે.

ગત ૧ સપ્ટેમ્બરના રોજ લેવાયેલી ટેટ-૨ની પરીક્ષા દરમિયાન સામાજિક વિજ્ઞાન, ગણિત-વિજ્ઞાન તેમજ વિવિધ ભાષા વિષયના પ્રશ્નપત્રમાં પ્રિન્ટીંગમાં ક્ષતિ તેમજ જવાબના ઓપ્શનમાં ભૂલોની ભરમાર હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જેના પગલે આજે ટેટ-૨ની પરીક્ષાના ઉમેદવારોએ સે-૨૧ સ્થિત રાજય પરીક્ષા બોર્ડ સમક્ષ રજૂઆત કરી હતી. પરીક્ષાના ઉમેદવારોએ રજૂઆતમાં જણાવ્યા અનુસાર ટેટ-૨ની પરીક્ષામાં સામાજિક વિજ્ઞાનના પ્રશ્નપત્રમાં પાંચ ભૂલો હતી. આ ઉપરાંત ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત સહિતના ભાષા વિષયના પ્રશ્નપત્રોમાં પ્રિન્ટીંગમાં ક્ષતિઓ ઉપરાંત દર્શાવાયેલા ઓપ્શનમાં પણ ભૂલો જોવા મળે છે. જેના પરિણામે મુંઝાયેલા ઉમેદવારોએ આજે રાજય પરીક્ષા બોર્ડ સમક્ષ રજૂઆત કરી હતી. જયારે રજૂઆતના અનુસંધાને આ મામલે કમિટી કક્ષાએ નિર્ણય લેવાશે તેમ જણાવ્યું હતું. વધુમાં કમિટીના આધારે ગુણ સુધારણા કરવામાં આવશે. જયારે આગામી ૧૦ દિવસમાં ફાઈનલ જવાબો સહિત પરિણામ રજૂ કરવામાં આવશે તેમ પણ ઉમેદવારોને જણાવાયું છે. જિલ્લામાં પણ વિવિધ ૨૫ કેન્દ્રો પર ટેટ-૨ની પરીક્ષા લેવામાં આવી હતી.

## ગેસ દુર્ઘટના

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગઈ હતી. મહેસાણાના વિજાપુરના રાણસણ ગામમાં આવેલા જીઆઈડીસીના કોલ્ડ સ્ટોરજમાં સુરક્ષાની ચીજવસ્તુઓ રાખવામાં આવી હતી. આજે સવારે ૧૦ વાગ્યાની આસપાસ આ બનાવ બન્યો હતો અને આગ લાગી હતી. જેથી અંદર કામ કરી રહેલા લોકો ફસાઈ ગયા હતા.

મનન કોલ્ડ સ્ટોરેજ ગેસ દુર્ઘટનામાં મોતને ભેટેલ કામદારોમાં સ્નેહલકુમાર રાઠોડ, રાહુલજી વિહોલ, કિરીટસિંહ વિહોલ, જગદીશસિંહ વિહોલ, હિંમતસિંહ વિહોલ, દક્ષાબેન વિહોલ, સંજય પરમારનો સમાવેશ થાય છે. બનાવની જાણ થતાં જ ફાયરબ્રિગેડની ટુકડી અને પોલીસ ટુકડી ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ભારે જહેમત બાદ સાત ઈજાગ્રસ્તો પૈકી ચારને ગાંધીનગર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. કોલ્ડ સ્ટોરજમાં રહેલા બીજા ૧૦થી વધુ લોકોને અસર થઈ હતી. જેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

### જાહેર નિવિદા ૩ સને ૨૦૧૩-૧૪
### (ફક્ત વિદ્યુત ઈજારદારશ્રીઓ માટે)

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં.૨૨, પાટનગર યોજના ભવન, બીજો માળ, સેક્ટર-૧૬, ફોન નં. ૦૭૯-૨૩૨૫૯૫૧૬ ગાંધીનગર. દ્વારા વીજળીકરણને લગતા ૫ કામોની અંદાજીત કિંમત રૂ. ૮૪.૭૬૯-૩૦થી ૨,૮૯,૬૩૨-૬૫ આ માટે આ કામના અનુભવી અને નિષ્ણાત ઠેકેદારશ્રીઓ પાસેથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તા.૧૩/૯/૨૦૧૩ છે. અને પરત મેળવવાની છેલ્લી તારીખ ૨૦/૯/૨૦૧૩ છે. આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/૧૧૮૪/૧૩-૧૪

### INDIAN INSTITUTE OF TEACHER EDUCATION
GANDHINAGAR

ટૂંકી નિવિદા

સંસ્થાના શૈક્ષણિક કાર્યક્રમ માટે નીચે મુજબના કામ માટે ઈજારો આપવાનો થાય છે. રસ ધરાવતા અને કામના અનુભવી ઈજારદારોએ તા.૧૨/૯/૨૦૧૩ના રોજ કચેરી સમય પૂરો થાય ત્યાં સુધીમાં સંસ્થા ખાતેથી રૂ. ૧૦૦ ભરી ટેન્ડર ફોર્મ મેળવી લેવા.

૧. મંડપ ૨. ભોજન ૩. ટ્રાન્સ્પોર્ટેશન વ્યવસ્થા

અન્ય વિગતો ટેન્ડર સાથેની સૂચનાઓમાં જણાવવામાં આવેલ છે.

કુલ સચિવ
આઈઆઈટીઈ



શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.



C. C. C. (Customer Care Centre)
Gandhinagar District



TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ